ખા. ફોજ. કે. નં. ૨૩૧૪૨/૨૦૨૧

**<u>આંક-૧ હેઠળ હુકમ</u>**

સદર કામનુ રેકર્ડ ધ્યાને લીધુ. સદર કામ નેગો. કાયદા અન્વયે નોંધાયેલ છે. સદર કામે ફરીયાદીએ ફરીયાદ દાખલ કરતાં આરોપીને પ્રોસેસ કાઢવામાં આવેલ. જે પ્રોસેસ પરત આરોપી દુકાન ખાલી કરીને જતા રહેલ ના શેરા સાથે પરત ફરેલ છે. ત્યારબાદ ફરીયાદી ને નોટીસ કરવાનો હુકમ કરવા મા આવેલ જે નોટીસ પરત આવેલ નથી. ત્યારબાદ ફરીયાદી કે વિ. વ. શ્રી હાજર રહી આગળ ની કોઈ કાર્યવાહી કરેલ નથી. તેથી આ કેસ ની વધુ કાર્યવાહી આગળ વધી શકતી નથી અને કેસ માં કોઇ પ્રોગ્રેસ નથી. આજરોજ નામદાર ગુજરાત હાઇકોર્ટ ની ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસ ઓથોરીટીના પત્ર નં. ૩૧૯૯/૨૦૨૨, તા. ૦૭/૧૨/૨૦૨૨ ના અનુસંધાને અત્રેની અદાલત માં સ્પેશ્યલ સીટીંગ નુ આયોજન કરેલ છે. તેમાં તમામ મ્રુતપાય કેસો (ડેડવુડ) કેસો આઇડિન્ટીફાઇ કરી ડીસ્પોઝ કરવા જણાવવા મા આવેલ છે. હાલ ના કેસ માં ફરીયાદપક્ષે આરોપીને પ્રોસેસ બજાવવામાં નીષ્ફળ નીવડેલ છે અને કાર્યવાહી નજીક માં ભવિષ્ય માં આગળ ચાલી શકે તેની કોઇ શક્યતા જણાતી નથી તેમજ કેસની કાર્યવાહી ચાલુ રાખવાથી પણ કોઇ ફળદાયક પરીણામ મળવાની શક્યતા નથી. કારણ કે, ફરીયાદીએ જણાવેલ સરનામે આરોપી ને પ્રોસેસ બજતા નથી. તેમજ ફરીયાદી પણ નિયમીતપણે હાજર રહેતા ના હોય, તે તમામ હકીકતો ધ્યાને લઇ કેસની કાર્યવાહી ક્રિ.પ્રો.કોડ કલમ-૨૫૬ અન્વયે રદ્દ કરવા હુકમ કરવા માં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૩મી માહે મે, સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૩/૦૫/૨૦૨૩
સુરત

(જીતેન્દ્ર પ્રભુદાસ પ્રજાપતિ)
GJ01121
૧૭મા એડી. ચીફ જ્યુડી. મેજી., સુરત.